INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.

ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


અખબારી યાદી તા.૧૦/૦૨/૨૦૨૨

- **ગાયમાતાની ચિંતા કરી પોતાનો જીવ જોખમમા મુકનાર કોંગ્રેસ પક્ષના જામનગર પ્રમુખશ્રી વિરેન્દ્રસિંહ જાડેજા (દિગુભા) પર ૩૦૭ સહિતની કલમો નાબુદ કરી કેસ પાછો ખેચવામાં આવે.**
- **શું ગાયમાતાના હિતમાં વાત કરવી ગુન્હો છે?: કોંગ્રેસ**
- **પશુધનની સારવાર-નિરીક્ષણ માટે પુરતા સ્ટાફને અભાવે પશુધનની પરિસ્થિતિ સતત કથળી રહી છે.**

લમ્પી વાયરસના લીધે મોટી સંખ્યામાં ગાયમાતાના મોત થયા છતાં કુંભકર્ણ નિદ્રાધિન ભાજપ સરકાર અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડક ડૉ. સી. જે. ચાવડા એ સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ગાયમાતાને બચાવવા માટે અનેક ક્ષત્રિયોએ બલીદાન આપ્યા છે ત્યારે ભાજપ સરકારના રાજમાં ગાયમાતા કમોતે મરી રહી છે છતાં કોઈ પગલા ન ભરે ત્યારે જામનગર શહેરના પ્રમુખશ્રી વિરેન્દ્રસિંહ જાડેજા (દિગુભા)ને આક્રોશ ઘણા દિવસથી તેમને બેચેન કરી રહ્યો હતો માટે તેમણે આ પ્રયાસ કર્યો છે. ત્યારે ભાજપ સરકાર - પોલીસ તંત્ર જામનગર શહેર કોંગ્રેસના પ્રમુખશ્રી વિરેન્દ્રસિંહ જાડેજા (દિગુભા) સામે ગુન્હેગાર હોય તે રીતે વર્તન કરી રહી છે. ગુજરાતમાં મે મહિનાથી ગૌવંશમાં લમ્પી નામના ભયાનક વાયરસે દેખા દિધા બાદ પણ તંત્ર જાણે કુંભકર્ણ નિદ્રાધિનમાં રહ્યું. કોઈ નક્કર યોજનાના અભાવે માત્ર કચ્છમાં ૨૦,૦૦૦ થી વધુ ગાયમાતાના મોત થયાની વિગતો સામે આવી છે. લમ્પી વાયરસને રોકવા ભાજપ સરકાર સંપૂર્ણ નિષ્ફળ નીવડ્યું છે. ગાયમાતાને બચાવવા અને ભાજપની ઊંઘ ઉડે તે ઉદેશ્યથી જામનગર શહેર કોંગ્રેસના પ્રમુખ શ્રી વિરેદ્ન્રસિંહ જાડેજા (દિગુભા) એ આક્રોશ સાથે પગલું ભર્યું હતું. તેમ છતાં ભાજપ સરકાર અને તંત્ર જાગતું નથી જે ઘણી જ ગંભીર બાબત છે.તેનાથી વિરુદ્ધ કોંગ્રેસ આગેવાન પર ૩૦૭ જેવી કલમ લગાવામાં આવે જુદા જુદા પોલીસ સ્ટેશનોમાં લઈ જવામાં આવે, કોઈ ક્રિમીનલ કોય તેવો વર્તાવ કરી પાણી, જમવાનું ન આપવામાં આવે, રિમાન્ડ માંગવામાં આવે. શું ગાયમાતાના હિતમાં વાત કરવી ગુન્હો છે?

કચ્છ / જામનગર સહિત 11 જિલ્લામાં હજારો ગાયો લમ્પી વાઈરસનો ભોગ બનીને મરી રહી છે. "જ્યાં રસી હોય ત્યાં સ્ટાફ ન હોય, જ્યાં સ્ટાફ હોય ત્યા રસી ના હોય" આ ભાજપની ગૌમાતા પ્રત્યે નકલી પ્રેમની પોલ ખોલી નાખી છે.૭૩૪૭૭ પશુધન પર માત્ર એક પશુચિકિત્સા અધિકારી,૧૦૫૭૪૯ પશુધન પરમાત્ર એક પશુધન નિરીક્ષક, ૩૪૫૭૧૮ પશુધન પર માત્ર એક ડ્રેસર, ૨૫૯૨૮૮ પશુધન પર માત્ર એક એટેંડન્ટ, ૩૪૧૩૪૨ પશુધન પરમાત્ર એક પટાવાળામાં કઈ રીતે બચશે ગાયમાતા ? ગીર સોમનાથ, પોરબંદર, ડાંગ, નર્મદા, બોટાદ, ભાવનગર, છોટા ઉદેપુર, અમદાવાદ, વડોદરા, સુરેન્દ્રનગર જીલ્લાઓમાં પશુધનની સારવાર-નિરીક્ષણ માટે પુરતા સ્ટાફને અભાવે પશુધનની પરિસ્થિતિ સતત કથળી રહી છે. ભાજપ સરકારની ગુન્હાહિત બેદરકારીને પગલે ગાયમાતા મુગા પશુઓ મોતને ભેટી રહ્યા છે.

માત્રને માત્ર મત લેવા ઉત્સવો અને તાયફાઓમાં જોર જોરથી ગાયમાતાનું નામ લેવાનું પરંતુ જ્યારે ગાયમાતા ખરેખર તકલીફ છે ત્યારે નકલી હિંદુત્વવાળી ભાજપ સરકારનો ચાલ-ચલન, ચહેરો અને ચરિત્ર ગુજરાતના નાગરિકો સામે ખુલ્લો પડી ગયો છે. ગાયમાતાની ચિંતા કરી પોતાનો જીવ જોખમમા મુકનાર કોંગ્રેસ પક્ષના જામનગર પ્રમુખશ્રી વિરેન્દ્રસિંહ જાડેજા (દિગુભા) પર ૩૦૭ સહિતની કલમો નાબુદ કરી કેસ પાછો ખેચવામાં આવે, ગાયમાતાના નામે મત માંગી સત્તા મેળવનાર ભાજપની અસંવેદનશીલતા-નિષ્ક્રિયતા કોરોનાની જેમ લમ્પી વાયરસમાં ખોટા આંકડાઓ આપવાની જગ્યાએ સાચી માહિતી પુરી પાડે, મૃત ગાય બદલ પશુપાલકને વળતર આપવામાં આવે, ૭ મહિનાથી ગૌશાળાઓ, પાંજરાપોળોની સબસિડી બાકી છે તે તાત્કાલીક આપવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

**( ડૉ. મનિષ એમ. દોશી )**

**મુખ્ય પ્રવક્તા**